# ૭. અમે કમર કસી

♦ **ચાલો રમીએ.**

| જૂથ - ૧ | જૂથ - ૨ | જૂથ - ૩ |
|---|---|---|
| રાષ્ટ્રપિતા | મહાત્મા ગાંધીજી | કરેંગે યા મરેંગે |
| ચાચા નેહરુ<br>શાંતિદૂત | પંડિત જવાહરલાલ નેહરુ | આરામ હરામ હૈ |
| લોકમાન્ય | બાળ ગંગાધર ટિળક | સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે. |
| નેતાજી | સુભાષચંદ્ર બોઝ | જયહિંદ |
| હિંદના દાદા | દાદાભાઈ નવરોજી | સ્વરાજ્ય |




નાનાં નાનાં બાળ કેવાં
રહ્યાં અમે હસી ;
ભલભલાની સામે થાવા
અમે કમર કસી … નાનાં
હિંમત જોઈ અમારી દુશ્મન
રહેશે હાથ ઘસી ;
હાક પડે જ્યાં મા–ભોમની
અમે જઈશું ધસી … નાનાં
એકેક બાળ સિંહ સરીખાં
જશે ના એ ખસી ;
ખુમારી આ જંગ ખેલવા
જુઓ દિલે વસી … નાનાં



9PF9ZY

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

૧) કેડ – .................... ૨) શત્રુ – ....................
૩) હાકલ – .................... ૪) માતૃભૂમિ – ....................
૫) જુસ્સો – .................... ૬) લડાઈ – ....................

**સ. ૨ જેમ સિંહ જંગલનો રાજા છે તેમ**

૧) ફૂલોનો રાજા – ............ ૨) ફળોનો રાજા – .............
૩) પંખીઓનો રાજા – ............ ૪) શાકભાજીનો રાજા – .............

**સ. ૩ ઉદાહરણ પ્રમાણે સહસંબંધ ધરાવતા શબ્દ લખો.**

દા.ત. નાના – મોટા

૧) હસવું – .................... ૨) દુશ્મન – ....................
૩) હિંમત – .................... ૪) ધરતી – ....................

**સ. ૪ હસી –** ..............., ..............., ..............., ..............., ...............

આવડે તેટલા પ્રાસવાળા શબ્દો લખો.

**સ. ૫ નમૂના પ્રમાણે લખો :** દા.ત. બાળક સિંહ–સરીખાં (કોલસા, પાંદડાં, દૂધ, રૂ)

૧) સસલા – ..........–સરીખાં ૨) પોપટ – ..........–સરીખાં
૩) કાગડા – ..........–સરીખાં ૪) બગલા – ..........–સરીખાં

♦ **સંભાષણ :** આપણા દેશની સરહદ ઉપર આપણા સૌની રક્ષા કરતાં સૈનિકો માટે બે–બે વાક્યો કહો.

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.**

૧) બાળકોએ ............ કસી છે.
(અ) કમર (બ) હિંમત (ક) કોણી

૨) દુશ્મનો ............... જોઈને હાથ ઘસતા રહી જશે.
(અ) બાળકોની શક્તિ (બ) બાળકોની બહાદુરી (ક) બાળકોની હિંમત

૩) ........... હાકલ પડતાં જ બાળકો ધસી જશે.
(અ) ભારતમાની (બ) માભોમની (ક) માતૃભૂમિની

૪) બાળકોનાં દિલમાં ........... વસી છે.
(અ) દયા (બ) કરુણા (ક) ખુમારી

**સ. ૭ નીચેનાં વાક્યો વાંચો. તે અર્થ દર્શાવતી કાવ્યપંક્તિ લખો.**

૧) સિંહ જેવાં બાળકો રણમેદાનમાંથી પાછા હઠશે નહિ.
૨) બાળકોએ દુશ્મનોનો સામનો કરવા કમર કસી છે.
૩) બાળકોની હિંમત જોઈ દુશ્મનો હાથ ઘસતાં રહી જશે.

**સ. ૮ કહો કોણ ?**

૧) કમર કસનાર – ..........................................
૨) હાથ ઘસતાં રહી જનાર – ..........................................
૩) હાકલ પાડનાર – ..........................................

**સ. ૯ કાવ્યના આધારે યોગ્ય ક્રિયાપદ લખો.**

| | |
|---|---|
| ૧) અમે કમર – .................... | ૨) રહ્યાં અમે – .................... |
| ૩) રહેશે હાથ – .................... | ૪) અમે જઈશું – .................... |
| ૫) જશે ના એ – .................... | ૪) જુઓ દિલે – .................... |

**સ. ૧૦ દેશની આઝાદીના જંગમાં શહીદ થનાર દેશભક્તોનાં નામની યાદી બનાવો.**



**પ્રકલ્પ**

એક સુંદર રાષ્ટ્રધ્વજ બનાવો.
અથવા
દેશભક્તિનાં પાંચેક ગીતોનો સંગ્રહ કરો.

**હું વાંચું ... તમે પણ વાંચો**



રોજ નિયમથી ભણતાં શીખો.
કામ સમયસર કરતાં શીખો.
છોડી દઈને ખોટી ટેવો,
સાદાઈથી તમે રહેતાં શીખો.
બનો સાહસિક આવે જે પણ સંકટ, તેને સહેતાં શીખો.
મંઝિલ પર પહોંચશો નિશ્ચિત, હંમેશાં આગળ વધતાં શીખો.

**અધ્યાપન સંકેત**



શરૂઆતમાં આપેલી માહિતીનો ઉપયોગ કરી જૂથમાં અનેક રમતો રમાડી શકાશે. શિક્ષકે પોતાની આંતરસૂઝથી રમત રમાડી વિષયાભિમુખ કરી પછી કૃતિનું સમૂહગાન કરાવી અધ્યયન કરાવવું. દેશપ્રેમ જાગૃત કરતા પ્રસંગો કહેવા. બાળકો પાસેથી સાંભળવા. દેશભક્તિનાં અન્ય ગીતોનું સમૂહગાન કરાવવું.

**દેશની સેવા કરવી એ સાચા નાગરિકની પવિત્ર ફરજ છે.**